## ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ. ગોધરા દ્વારા લીમખેડા તાલુકાના વિસલંગા ખાતે ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના વિસલંગા ખાતે ટ્રાયબલ સબ પ્લાન યોજના હેઠળ તા.૧૮/૦૮/૧૮ના રોજ ખેડુત તાલીમ શિબિર યોજવામાં આવેલ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાયબલ સબ પ્લાન યોજનાના ભાગરૂપે મકાઇની વૈજ્ઞાનિક ખેતીની નવિંનત્તમ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી માટે લીમખેડા તાલુકાના વીસલંગા ગામે યોજાયેલ તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૫૯ ખેડૂત ભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ એમ.બી.પટેલ,સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ)એ મકાઇની વિવિધ જાતો અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને એકમ ક્ષેત્રફળમાં વધુ નફો કઇ રીતે લઇ શકાય તે માટે સ્થાનિક જાતનુ વાવેતર બંધ કરી, નવી ભલામણ કરેલ જીએવાયએમએચ-૧, જીએવાયએમએચ-૨,નર્મદા મોતી,,ગુજરાતમકાઇ-6,ગુજરાત મકાઇ-3 વગેરે જાતોના વાવેતર ઉપર ભાર મુકેલો હતો. પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઇના પાક્ને સાંકળા ગાળે ના વાવતા પહોળા ગાળે એટલે કે બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા એક લાઇનમાં બે છોડ વચ્ચે ૧૫ સે.મીનુ અંતર રાખવા જણાવેલ હતુ. તે ઉપરાંત નિંદામણ નાશક દવા તથા રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ રીતે વપરાશ કેવી રીતે અને કેટલા પ્રમાણમાં કરવો તેની માહિતી આપેલ હતી. ડૉ.એસ.કે.સીંઘ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ મકાઇમાં ગાભમારાની ઇયળ અને પાનના સુકારાના નિયંત્રણ અંગે માહિતી આપેલ હતી. ડૉ. ભરતભાઇ ઠક્કર મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ પ્રથમ હરોળના નિદર્શનના હેતુ, પાયાની બાબતો, અમલ, ફાયદા અને મકાઇની ટેકાનોલોજી અંગેની માહિતી આપી હતી તથા બાયોફર્ટીલાઇઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરની બચત કરી ખેતી ખર્ચ ઘટાડવા અનુરોધ કરેલ હતો. શ્રી વી.જે.પટેલ, સીનીયરરીસર્ચ આસીસ્ટંટે જમીનની તંદુરસ્તી જાળવવા,જમીન ચકાસણી કરાવવા, જમીનનો નમુનો કેવી રીતે લેવો તે બાબતની તથા મુખ્ય અને સુક્ષ્મ પોશક તત્વો અંગે ચર્ચા કરેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના ડૉ. ભરતભાઇ ઠક્કરએ કરેલ હતું.

